# ડૉ.બાબાસાહેબ આંબેડકરનો માનવવાદ

કમલેશ બી.પરમાર

આસીસ્ટન્ટ પ્રોફેસર

આર્ટસ કોલેજ,લીમખેડા

જો તર્ક નહીં કરેગા,વહ ધર્માંધ હૈ

જો તર્ક નહીં કર સકતા,વહ મૂર્ખ હૈ

જો તર્ક કરને કા સાહસ નહીં કરતા,વહ દાસ હૈ

– એચ.ડ્રમોંડ

ડૉ.બાબાસાહેબ આંબેડકર એક બહુઆયામી પ્રતિભાના એક એવા 'રાજા' હતા,જેઓએ આજીવન સમાજ અને દેશ ખાતર મનન-ચિંતન અને લેખન કાર્ય કર્યું હતું.ડૉ.આંબેડકર લગભગ ૬૫ વર્ષ શારીરિક રીતે આપણી વચ્ચે રહ્યા.તેઓના પરિનિર્વાણના લગભગ ૬૦ વર્ષ પછી તેઓના મનન-લેખન,દેશ-સમાજમાં એવો પ્રભાવ દર્શાવી રહ્યા છે, જેનાથી એવી અનુભૂતિ થાય છે કે જાણે તેઓ આપણી વચ્ચે જીવી રહ્યા છે. એ બાબતમાં કોઇ શક નથી કે બાબાસાહેબ ભલે શારીરિક રીતે આપણી વચ્ચે નથી,પરંતુ તેઓનું 'વિચાર દર્શન' આપણને આપણી વચ્ચે એમની ઉપસ્થિતિનો અહેસાસ કરાવે છે.પોતાના સ્વાસ્થ્યની અવગણના કરીને દેશ-સમાજને માટે પોતાની જાતનું બલિદાન આપી દેનાર પ્રખર માનવવાદી ચિંતક તેમના પરિનિર્વાણના લગભગ ૬૦ વર્ષ બાદ જ્યારે દેશ તેમની ૧૨૫મી જયંતિનું વર્ષ ઉલ્લાસપૂર્વક ઉજવી રહ્યો છે ત્યારે જો એમ કહેવામાં આવે કે દેશમાં ચારે તરફ ડૉ.બાબાસાહેબની ધૂમ મચી છે તો તેમાં કોઇ અતિશયોક્તિ થશે નહીં.ખરેખર તો આઝાદી પછી ડૉ.આંબેડકરના વારસાને આગળ ધપાવવાનું કામ સામાજિક આંદોલનના માધ્યમથી થયું છે.એમાં કોઇ અતિશયોક્તિ નથી કે પ્રત્યક્ષ કે પરોક્ષ રૂપે એ આંદોલનનું જ પરિણામ છે કે આજે 'ડૉ.આંબેડકરના વારસા'નો દાવો કરવાની હરિફાઇ જામી છે. અને જો એમ કહેવામાં આવે કે એમનાં જયંતિ વર્ષમાં ડૉ.આંબેડકરને સમગ્રમાં સમજવા માટેનાં કરવામાં આવી રહેલાં પ્રયાસોની જ એ અસર થઇ રહી છે કે ડૉ.આંબેડકરના વ્યતિકત્વના વિવિધ પાસાઓને રેખાંકિત કરવામાં આવી રહ્યા છે.એમનાં યોગદાનને સમજવામાં આવી રહ્યું છે,નિઃસંકોચપણે એમાં ડૉ.આંબેડકરનાં લાખો અનુયાયીઓનું ખૂબ જ મોટું યોગદાન રહેલું છે,આને સમજવા માટે એમના કાર્યનું સિંહાવલોકન કરવું પડશે.જ્યારે કોઇ ડૉ.આંબેડકરને દલિતો અથવા અનામત-પ્રથાનાં પ્રતીકરૂપે જોતાં કે સમજતાં હતાં,તે જમાનો હવે પૂણ થઇ ગયો છે.એમના બહુઆયામી વ્યકિતત્વને હવે દેશ-સમાજ સમજી રહ્યો છે.

એમણે દેશના આર્થિક,રાજનૈતિક અને સામાજિક મુદ્દાઓ ઉપર બરાબર ધ્યાન આપ્યું.ડૉ.ભીમરાવ આંબેડકરે ભારતીય રીઝર્વ બેન્કની સ્થાપનામાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી હતી,એની સાથે જ સ્વતંત્ર ભારતની શ્રમનીતિ,ઉર્જા અને જળનીતિમાં તેમનો પ્રભાવ સ્પષ્ટ સ્વરૂપે દેખાય છે.હકીકતમાં ૧૯૨૭માં ભારત આવેલા હિલ્ટન યંગ કમીશન પૂર્વે જ બાબાસાહેબ ડૉ.આંબેડકરે તૈયાર કરેલા પાયા પર આર.બી.આઇ. ની અવધારણા તૈયાર થઇ.'ભારતીય મુદ્રા અને નાણાંના રોયલ કમીશન'માં બાબાસાહેબના પુસ્તક'રૂપિયાની સમસ્યા,એની ઉત્પત્તિ અને સમાધાન'નો પ્રભાવ સ્પષ્ટપણે જોવા મળે છે.ત્યાર બાદ વાઇસરોયની સમિતિમાં ૧૯૪૨-૪૬ વચ્ચે શ્રમ,સિંચાઇ અને ઉર્જામંત્રી ડૉ.આંબેડકરે કેન્દ્રીય

નહેર અને સિંચાઇ સમિતિની સ્થાપનાને મંજૂરી આપી હતી.સાથે જ ભારતમાં હાઇડો–પાવર(જળવિદ્યુત) અને વિદ્યુત ઉત્પાદનનાં માળખાકીય વિકાસ માટે કેન્દ્રીય ટેકનીકલ ઉર્જા બોર્ડની રચના કરી હતી.

ભારતની અડધી આબાદી એટલે કે મહિલાઓના અધિકારો તરફ તેઓની પ્રતિબદ્ધતાનું જ પરિણામ હતું કે ભારતના પ્રથમ કાનૂન મંત્રી તરીકે તેઓના તમામ પ્રયાસ મહિલાઓ માટે અધિકાર પ્રાપ્ય કરવા માટે જ હતા.એમની પ્રતિબદ્ધતાને એ બાબતથી સમજી શકાય છે કે તેઓએ હિન્દુ કોડ બીલ બાબતે સંમતિ નહિ મેળવી શકતાં તેઓએ કાનૂન મંત્રીના પદ પરથી રાજીનામું આપ્યું હતું.

ડો.આંબેડકરના જીવન અને કવન પરના વિશ્લેષણથી સ્પષ્ટ થાય છે કે તેઓએ તમામ ક્ષેત્રોમાં સમાનતા,પછી તે સામાજિક, રાજનૈતિક, સાંસ્કૃતિક કે આર્થિક ક્ષેત્રમાં જ કેમ ન હોય,તેના મૌલિક માપદંડના આધાર પર અધિકારો માટે જીવનભર સંઘર્ષમય રહ્યા.

ડો.આંબેડકર ૯મી મે,૧૯૧૬,કોલંબિયા યુનિવર્સિટી,ન્યૂયોર્ક,અમેરિકામાં આયોજિત ડો. એ. એ.ગોલ્ડનવાઇઝર ગોષ્ઠામાં નવંશશાસ્ત્ર પર રજૂ કરેલ લેખમાં જણાવે છે તેમ બુદ્ધિજીવી વર્ગ એ છે,જે દૂરદર્શી હોય છે,સલાહ આપી શકે છે અને નેતૃત્વ પ્રદાન કરી શકે છે.કોઇ પણ દેશની મોટાભાગની જનતા વિચારશીલ અને ક્રિયાશીલ જીવન વ્યતીત કરતી નથી.આવા લોકો મૂળ તો બુદ્ધિજીવી વર્ગનું અનુકરણ અને અનુગમન કરે છે.એ કહેવામાં કોઇ અતિશયોકિત નહી થાય કે કોઇ દેશનું સંપૂર્ણ ભવિષ્ય એના બુદ્ધિજીવી વર્ગ પર નિર્ભર હોય છે.જો બુદ્ધિજીવી વર્ગ ઇમાનદાર,સ્વતંત્ર અને નિષ્પક્ષ છે તો એના પર વિશ્વાસ કરી શકાય કે સંકટના સમયમાં તે પહેલ કરશે અને યોગ્ય નેતૃત્વ પ્રદાન કરશે.એ યોગ્ય છે કે પ્રજ્ઞા પોતે જાતે જ કોઇ ગુણ નથી.આ માત્ર સાધન છે અને સાધનનો પ્રયોગ એ લક્ષ્ય પર નિર્ભર છે,જેને એક બુદ્ધિમાન વ્યકિત પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે છે.બુદ્ધિમાન વ્યકિત ભલો હોઇ શકે છે,પરંતુ સાથે જ તે દુષ્ટ પણ હોઇ શકે છે.આ જ રીતે બુદ્ધિજીવી વર્ગ ઉચ્ચ વિચારોવાળા વ્યકિતઓનો એક સમૂહ હોઇ શકે છે,જે સહાયતા કરવા માટે તયાર રહે છે અને પથભ્રષ્ટ લોકોને યોગ્ય માર્ગ પર લાવવાને માટે તૈયાર રહે છે.

માનવવાદને અંગ્રેજીમાં (હ્યુમેનીઝમ) કહેવામાં આવે છે.'હ્યુમેનીઝમ' ગ્રીક શબ્દ 'હોમો' માંથી ઊતરી આવ્યો છે,જેનો અર્થ થાય છે 'માનવ'.જાહેર છે કે માનવવાદના ચિંતનનું કેન્દ્રબિંદુ 'માનવ' છે.તે ચાહે છે કે માનવ 'માનવ' બને,ન 'દાનવ' ન 'દેવતા'.આ એક દર્શન અને વિચારતંત્ર જ નહીં,બલ્કે માનવ ઉત્થાનની એક સતત પ્રક્રિયા અને વ્યાપક આંદોલન પણ છે.આ આંદોનની એક સશકત કડી છે–ડો.ભીમરાવ આંબેડકરનો સામાજિક માનવવાદ.

સામાજિક માનવવાદ માનવને સમગ્ર બનાવટી અને અનાવશ્યક સામાજિક બંધનો તથા કઠોર નિયમોથી મુકત કરવાનો આદર્શ પ્રસ્તુત કરે છે.આ તમામ પ્રકારના ભેદભાવનો વિરોધી છે અને સમતામુલક સમાજનું 'મોડલ' પ્રસ્તુત કરે છે.એના અનુસાર "માનવનો સાચો માપદંડ યોગ્યતા છે,નહિ કે જન્મ".

ડો.આંબેડકરનો સામાજિક માનવવાદ તાત્વિક દ્રષ્ટિએ ધર્મને સામાજિક જીવન માટે આવશ્યક માને છે પરંતુ ધર્મના નામે ચાલી રહેલાં પાખંડ,અંધવિશ્વાસ અને અન્યાયનો વિરોધી છે અને તમામ માનવોને પોતાની ઇચ્છાનુસાર કોઇપણ ધર્મ અપનાવવાની અને છોડવાની સ્વતંત્રતા આપે છે.

ડો.આંબેડકરનો માનવવાદ વિજ્ઞાન અને ધર્મ વચ્ચે કોઇ આંતરવિરોધ નથી રાખતો.અર્થાત એ વિજ્ઞાન અને ધર્મ ( અધ્યાત્મ ) નો સમન્વય ઇચ્છે છે.એ વિજ્ઞાનના માધ્યમથી ધાર્મિક અંધવિશ્વાસોને નાબૂદ કરવા અને સામાજિક પરિવર્તનની ગતિને વધારે

વેગ આપવાનો હિમાયતી છે.પરંતુ તે વિજ્ઞાનને યુદ્ધ અને પ્રકૃતિ-પર્યાવરણને નુકસાનની પરવાનગી આપતો નથી.એજ રીતે એ અધ્યાત્મની સહાયતાથી વૈજ્ઞાનિક પ્રગતિને લોક-કલ્યાણ સાથે જોડવા માંગે છે.પરંતુ ધર્મ અથવા અધ્યાત્મના નામે લોકોનું શોષણ અને સમાજમાં અવૈજ્ઞાનિકતાના પ્રચારનો વિરોધી છે.એનું માનવું છે કે,એવા શિક્ષણનો પ્રચાર-પ્રસાર ન થાય કે,જેનાથી અસ્પૃશ્યતા,અસમાનતા,અંધવિશ્વાસ,હિંસા,જાતિવાદ,સાંપ્રદાયિકતા વગેરે દૂષણોને પ્રોત્સાહન મળે છે.એવું શિક્ષણ આપવામા આવે કે,જે તમામ લોકોને સ્વતંત્તતા,સમાનતા,બંધુત્વ,ન્યાય, લોકશાહી અને વિકાસ વગેરે મૂલ્યોની બાંહેધરી આપે છે.એ ઇચ્છે છે કે,લોકતાંત્તિક સરકાર અને સમાજ મળીને સર્વને સમાન ,મૂલ્યપરક અને ગુણવત્તાપૂર્વક શિક્ષણ આપવાની બાંહેધરી આપે.શિક્ષણ તથા જ્ઞાન-વિજ્ઞાનના દ્વાર તમામ લોકોને માટે ખુલ્લાં હોય અને ત્યાં સુધી પહોંચવું સુગમ અને સરળ બનાવવામાં આવે.શૈક્ષણિક સંસ્થાઓ અને અભ્યાસક્રમોને એ રીતે વ્યવસ્થિત અને સંચાલિત કરવામાં આવે કે,જેથી સંપૂર્ણ સમાજ અને માનવ જીવનમાં માનવીય મૂલ્યો,નૈતિક સંસ્કારો અને સામાજિક સંબંધોની બહુમતીમાં અભિવૃદ્ધિ થઇ શકે.એ પરંપરાઓની અંધભક્તિ અને આધુનિકતાના આંધળા અનુકરણો બંનેને બદલે 'સમ્યક ચરિત્ત'નું શિક્ષણ આપે છે.

ડો.આંબેડકરનો માનવવાદ તથાકથિત કોઇપણ ઇશ્વરીય શક્તિ અથવા સંસ્થાને માનવીય બાબતોમાં હસ્તક્ષેપ કરવાની પરવાનગી આપતો નથી.નૈતિકતાને માનવ દ્વારા માનવ સાથેના પ્રેમની સાથે જોડે છે.ડો.આંબેડકર ના મતાનુસાર "નૈતિકતા માટે ઇશ્વરની સ્વીકૃતિની આવશ્યકતા નથી.એવું નથી કે,માનવને ઇશ્વરને પ્રસન્ન કરવા માટે નૈતિક બનવાનું છે.એ તેના પોતાના હિતમાં છે કે માનવ માનવને પ્રેમ કરે." અર્થાત સામાજિક માનવવાદ ઇશ્વર અથવા કોઇ પરા-પ્રાકૃતિક શક્તિ દ્વારા સંચાલિત નૈતિક વ્યવસ્થાનો સ્વીકાર નથી કરતો.ઊલટું,તે માને છે કે,વિશ્વમાં સ્વાયત્ત નૈતિક વ્યવસ્થા છે,જે માનવનાં કુશળ અને અકુશળ કાર્યોથી નિર્માણ પામે છે.માનવ સ્વયં પોતાની વ્યવસ્થા અને સંસ્થાઓનો નિર્માતા છે.તે જેવા કર્મ કરશે,એવી જ વ્યવસ્થા થશે અને તેને અનુસાર જ એના પરિણામો પણ આવશે.એ કોઇ પ્રતિકાત્મક કર્મ સિદ્ધાંતમા વિશ્વાસ નથી કરતો,જે કોઇ પરાશક્તિ દ્વારા સંચાલિત થતો હોય.એના અનુસાર સમાજે તમામ વ્યક્તિઓ માટે સમગ્ર વિકાસની તક ઉપલબ્ધ કરાવવી જોઇએ.અર્થાત જો આર્થિક અભાવ કે કોઇ અન્ય કારણસર ભૂખમરો, બિમારી કે લાચારીનો ભોગ બને છે,તો તે સમાજની અવ્યવસ્થાનું જ પરિણામ છે.એ તમામ માનવોની ભૌતિક સમૃદ્ધિનો સમર્થક છે,પરંતુ તે તેના માટે 'સમ્યક આજિવિકા'નું શિક્ષણ આપે છે,નહિ કે ભ્રષ્ટાચારનું.

ડો.આંબેડકરનો માનવવાદ તમામ નાગરિકોના સમાન અધિકારોનો સમર્થક છે.એની માન્યતા છે કે,એક આદર્શ લોકતાંત્તિક સમાજ અને શાસને સમાજના કચડાયેલા કે શોષિતોના હિતોનાં સંરક્ષક બનવું જાઇએ.એટલા માટે જ,સમાજના નીચલા વર્ગના લોકો માટે અનામત અને ગરીબોને માટે સબસીડી આપવી આવશ્યક છે.એ સ્વતંત્ત અને નિષ્પક્ષ ન્યાયતંત્ત અને જનપક્ષધર મિડીયાનું સમર્થન કરે છે.એ સૌને ન્યાય અપાવવાનો પ્રયાસ કરે છે અને અભિવ્યક્તિની સ્વતંત્તતાનો હિમાયતી છે.

ડો.આંબેડકરનો માનવવાદ સામાન્ય માનવનું જીવનદર્શન છે.ડો.આંબેડકરના શબ્દોમાં "દરેક માનવનું એક જીવનદર્શન હોવું જોઇએ.કારણકે,દરેકની પાસે એક એવો માપદંડ હોય,કે જેનાથી તે પોતાના આચરણનું મૂલ્યાંકન કરી શકે,દર્શન એક માપદંડ છે કે જેનાથી માનવના આચરણનું મૂલ્યાંકન કરી શકાય તેના સિવાય બીજું કશું જ નથી.તેથી જ ડો.આંબેડકરે ઇશ્વર,નિત્ય-આત્મા,સ્વર્ગ-નર્ક,આવાગમન,દિવ્ય સૃષ્ટિ જેવા સિદ્ધાંતોનો અસ્વીકાર કર્યો અને દર્શનને માનવના સામાજિક સંદર્ભો સાથે જોડયો હતો.એમના માનવવાદની સૌથી મોટી વિશેષતા એ છે કે,તે વર્ણ-વ્યવસ્થાનો,તેની તમામ નીપજો સહિત મૂળથી જ ઉચ્છેદ કરે છે,ડો.આંબેડકરે લખ્યુ છે કે,"નકારાત્મક રૂપે હું હિન્દુ સમાજ-દર્શનનો નિષેધ કરું છું,જેને

ભગવદગીતાએ સ્થાપિત કર્યો છે અને જે સાંખ્યના ત્રિગુણ સિદ્ધાંત પર આધારિત છે.આ મારા નિર્ણયાનુસાર કપિલના દર્શનનનું એક વિકૃત રૂપ છે,જેણે જાતિ-વ્યવસ્થા અને સ્ત્રીય અસમાનતાને હિન્દુ સામાજિક જીવનનો કાયદો બનાવી દીધા છે."

હિંદુ ધર્માધારિત વર્ણવ્યવસ્થાનો અસ્વીકાર કર્યા બાદ ડો.આંબેડકરે બૌદ્ધ ધર્મના આદર્શોને અનુરૂપ નવી સમાજ વ્યવસ્થાનું 'મોડલ' પ્રસ્તુત કર્યું છે.એમના શબ્દોમાં,"સકારાત્મક દષ્ટિએ,મારું સમાજ દર્શન ત્રણ શબ્દોમાં સમાયેલું કહી શકાય- સ્વતંત્તતા,સમાનતા અને ભ્રાતૃત્વ.પરંતુ કોઇએ એમ ના સમજવું જોઇએ કે,મેં મારું દર્શન ફ્રાંસની ક્રાંતિથી ગ્રહણ કરેલું છે.મેં આવું કર્યું નથી.મારા દર્શનનાં મૂળ ધર્મમાં છે,નહીં કે રાજનીતિ-શાસ્ત્તમાં.મેં મારાં મહાન ગુરુ ગૌતમ બુદ્ધનાં ઉપદેશોમાંથી એનું અનુકરણ કર્યું છે.

સામાજિક માનવવાદ ડો.આંબેડકરના ત્રિરત્ન સિદ્ધાંતોમાં સમાયેલા 'નવરત્નો'માં અતૂટ શ્રધ્ધા ધરાવે છે.અર્થાત એ માને છે કે માનવ કલ્યાણને માટે 'સ્વતંત્તતા,સમાનતા,અને ભ્રાતૃભાવ', 'શિક્ષણ,સંગઠનઅને સંઘર્ષ'અને 'બુદ્ધ,ધમ્મ અને સંઘ'ના માર્ગનું અનુસરણ કરવામાં આવે.કારણકે,તે એ માનવતાવાદી મૂલ્યો છે,જે તમામ પ્રાણીઓની સર્વાંગી વિકાસ માટે આવશ્યક છે.આ સંદર્ભમાં ડો.ટી.આર.જાટવ લખે છે કે, 'આ સિદ્ધાંતોથી ઉદ્દભવ થનારાં મૂલ્યો માત્ત દલિતો સુધી જ મર્યાદિત નથી,પરંતુ તમામ માનવ પ્રાણીઓથી એનો સીધો સંબંધ છે.આ આધારભૂત 'નવ-રત્ન'ડો.આંબેડકરના 'સામાજિક માનવવાદ'નુ નિર્માણ કરે છે.જાહેર છે કે,આ લોકતાંત્તિક દષ્ટિકોણનું જ એક રૂપ છે.જોક,પોતાના દર્શનનાં મૂળતત્વોને ડો.આંબેડકરે સમયે સમયે તથા સ્થાન વિશેષ અનુસાર અપનાવ્યા હતાં.અર્થાત,જ્યારે તેઓએ દલિતો અને નિર્ધનોની દુર્ગતિ,પીડા,દુઃખ વગેરેનો પોતે જાતે જ અનુભવ કર્યો,ત્યારે વિવિધ સ્વરૂપે તેને લાગુ કર્યા હતાં.આ સિદ્ધાંત તમામ લોકોના હિતમાં છે અને તમામ પ્રાણીઆને તે સામાજિક ઉપયોગિતા પ્રદાન કરે છે.એ સાર્વભૌમિક છે,કાલાતીત છેઅને જે પણ વ્યક્તિ તેને અપનાવશે,વ્યવહારમાં અપનાવશે,તે સમાન રૂપે તેનાથી લાભાન્વિત થશે.

સમાજિક માનવ વાદમાં માનવનું સ્થાન સર્વોપરિ છે.એમાં કોઇ પણ શકિત અથવા સંસ્થાને માનવીય ગરિમાના હનનની સ્વતંત્તતા નથી.એ ઇચ્છે છે કે,સમાજમાં શકિતનું વિકેન્દ્રીકરણ કરવામાં આવે અને કોઇપણ માનવનું શોષણ કે દમન ના થાય.એટલા માટે જ એ કોઇ પણ સિદ્ધાંત અથવા વાદથી વધારે માનવ,માનવતા અને માનવીય સ્વતંત્તતા જેવી બાબતોને વધારે મહત્વ આપે છે.આ કોઇ નિશ્ચિત અને અસ્વીકાર ના થઇ શકે એવો સિદ્ધાંત નથી કે નથી કાઇ કટ્ટર ધાર્મિક સંપ્રદાય.આ એક ઉદાર માનવીય આંદોલન છે,જે માનવનું,માનવને માટે અને માનવ દ્વારા સંચાલિત છે, એ માનવીય મૂલ્યો,નૈતિક સંસ્કારો અને સામાજિક સરોકારો ના કોઇ બાહ્ય આધારોની શોધખોળ નથી કરતા.કારણકે, એની માન્યતા અનુસાર આ મૂલ્ય માનવ-માનવ વચ્ચે સમ્યક સંબંધોની આવશ્યકતાથી જ ઉદ્દભવ પામે છે. એના અનુસાર,ભૌતિકવાદી મૂલ્યોના અતિશય ઉપયોગ માનવીને પથ-ભ્રષ્ટ બનાવે છે,જ્યારે તાત્વિક,પરા-પ્રાકૃતિક અથવા પ્રત્યવાદી મૂલ્યોમાં શ્રદ્ધા વ્યકિતને કાલ્પનિક લોકમાં જગતમાં લઇ આવે છે.આમ,આ બન્નેથી બચવાની આવશ્યકતા છે.

ડો.આંબેડકરના શબ્દોમાં કહીએ તો,"મારો બૌદ્ધ-ધમ્મનો પ્રચાર માત્ત અસ્પૃશ્યો સુધી જ સીમિત નથી-ઊલટું,જે પણ હિન્દુ ધધર્મનો શિકાર બન્યા છે,તે સૌમાં કરવાનો છે.એમાં મને કેટલી સફળતા મળશે,એ બાબતે હું હમણાં કશુંજ કહી શકતો નથી.માનવતાની રક્ષા ખાતર માત્ત ભારતને જ નહીં,પરંતુ સમગ્ર વિશ્વને આ સદધર્મની આવશ્યકતા છે.

એમ તો સામાજિક માનવવાદ ભારતીય પરિસ્થિતિઓમાં જન્મેલ એક સક્રિય દર્શન છે, જે વિશેષ રૂપે સામ્રાજ્યવાદી બ્રાહ્મણવાદથી મુકિતનો માર્ગ પ્રશસ્ત કરે છે.પરંતુ તેમાં સમગ્ર વિશ્વમાં શોષણ અને દમનના તમામ સ્વરૂપોનાં અંતની ભાવના પણ સમાયેલી છે.

વૈશ્વિકીકરણના આ યુગમાં ચારેતરફ ભૌતિકવાદી અપસંસ્કૃતિની બોલબાલા છે અને ધાર્મિક વૈમનસ્ય પણ વધી રહ્યું છે,સાથે સાથે શાસન અને સત્તા દરેક જગ્યાએ માનવાધિકારોનું હનન કરી રહી છે અને માનવીય સ્વતંત્તતા પર નિયંત્તણો લગાવી રહી છે. ઇરાક, અફઘાનિસ્તાન, જમ્મુ-કાશ્મીર,જ્યોર્જિયા,પેલેસ્ટાઇન એમ દરેક જગ્યાએ માનવતા જોખમમાં છે.ચારે તરફ આતંકવાદ,નકસલવાદ,સંપ્રદાયવાદ,જાતિવાદ,અને પૂંજીવાદનું નગ્ન નૃત્ય ચાલી રહ્યું છે અને માનવતાની સુધ લેવાવાળું કોઇ નથી.બીજી તરફ કેટલાક લોકો માનવીય સ્વતંત્તતાના નામે પ્રકૃતિ-પર્યાવરણનું આંધળું દોહન કરીને પોતાની જ કબરો ખોદી નાખવા પર ઊતરી આવ્યા છે.આવા સંજોગોમાં ડો.આંબેડકરના સામાજિક માનવવાદની પ્રાસંગિકતા વધી જવા પામે છે.

**સંદર્ભ ગ્રંથોઃ-**


૧. ડો.જાટવ ડી.આર.: ડો.આબેડકરનું માનવવાદી ચિંતન,સમતા સાહિત્ય સદન,જયપુર ૧૯૯૩

૨. આંબેડકર બી.આર.: ધ બુદ્ધ એન્ડ હીઝ ધમ્મ,૧૯૫૭

૩. ધનંજય કૌર : ડો.આંબેડકર : લાઇફ એન્ડ મિશન,પોપ્યુલર પ્રકાશન,૧૯૯૨

૪. બી.આર.સાપલા : બૌદ્ધ ધર્મ હી આશાજનક ધર્મ હૈ,પ્રીતમ પ્રકાશન્ન જલંધર,૨૦૧૦,

૫. ડો.બાબાસાહેબ આંબેડકર સંપૂર્ણ વાગ્મય,ભાગ ૧ સૂચના અને પ્રસારણ મંત્તાલય ,૧૯૯૩ ,